Government Arts College, Kaparada

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા નિશાળ ફળિયા પાણીની ટાંકી પારી તા.- કપરાડા જી.- વલસાડ, પિનકોડ નં. ૩૯૬ ૦૬૭
સ્થાપના વર્ષ ૨૦૧૨ ઇ-મેઇલ : gackaparada@gmail.com, URL: www.kaparadacollege.org

GACK/2024/સામુદાયિક/સેવાધારા/10

DATE: 11/01/2024

કપરાડા, જી.વલસાડ.
આવક નં. ...11.......

## સામુદાયિક સેવાધારા અંતર્ગત આયોજીત સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનો અહેવાલ

તા. ૧૦/૦૧/૨૦૨૪ના રોજ અત્રેની કોલેજમાં સામુદાયિક સેવાધારા અંતર્ગત સ્વચ્છતા અભિયાન કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કાર્યક્રમની શરૂઆતમાં આચાર્ય સાહેબે સ્વચ્છતાનું મહત્વ જણાવી દરેકે પોતાના ઘર ,સમાજ અને ગામમાં સાફ સફાઈ કરી સ્વચ્છ ભારત અભિયાનમાં સહયોગી થવા અપીલ કરી. ત્યારબાદ કોલેજના વિદ્યાર્થીઓને ટુકડીમાં વિભાજીત કરી કોલેજ કેમ્પસ તથા કેમ્પસ બહાર સાફ સફાઈ કરવામાં આવી હતી. અને કોલેજ કેમ્પસને પ્લાસ્ટિક મુક્ત કરી સ્વચ્છ બનાવી દેવામાં આવ્યું. સાફ સફાઈ કર્યા બાદ કચરાનો યોગ્ય નિકાલ કરી દેવામાં આવ્યો. સમગ્ર કાર્યક્રમમાં કુલ 90 વિદ્યાર્થીઓ અને 12 અધ્યાપકશ્રી/કર્મચારીશ્રીઓએ ભાગ લઇ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. સ્વચ્છતા અંગે વિદ્યાર્થીઓમાં જાગૃત્તિ જળવાઈ રહે તથા પ્રોત્સાહન મળી રહે તે હેતુથી ઈનામ પણ આપવામાં આવ્યું જેમાં પ્રથમ નંબરે સેમ. 6નો વિદ્યાર્થી અવતાર ઉમેશભાઈ ચેંદરભાઈ, દ્વિતીય નંબરે સેમ. 4નો વિદ્યાર્થી જાંજર મનોજભાઈ છગનભાઈ તથા તૃતીય નંબરે કડુ અજયભાઈ દિનેશભાઈને વિજેતા જાહેર કરી ટ્રોફી આપી સન્માન કરવામાં આવેલ. કોલેજ કેમ્પસ બહાર આશરે 200 મીટર સુધી સફાઈ કરવામાં આવી તેમજ આસપાસના ઘરોમાં સ્વચ્છતાનું મહત્વ પણ લોકોને સમજાવવામાં આવ્યું તથા આસપાસના વિસ્તારને સ્વચ્છ રાખવાની અપીલ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે સામુદાયિક સેવાધારાના કન્વીનર ડૉ. પ્રફુલ્લભાઈ બી. કરકુટિયા તથા સમગ્ર સ્ટાફનો ખૂબ સારો સહયોગ રહ્યો હતો.

Govt. Arts College-Kaparada * Dist. Valsad *

Principal,
Govt. Arts College Kaprada
Ta. Kaprada, Dist. Valsad.